# કપુરાઈ પોલીસનો APMCના દારૂના કટીંગ પર દરોડો

**રૂ.6.23 લાખના** વિદેશી દારૂ, કાર, ત્રણ મોબાઈલ તેમજ મોપેડ મળી રૂ. 11.65 લાખનો મુદ્દામાલ જપ્ત, સપ્લાયર ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી અને દારૂના કટીંગના ધંધા સામે કપુરાઈ પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. સયાજીપુરા APMC ફ્રુટ માર્કેટના પ્લોટ નં.299 ખાતે કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનું કટીંગ કરી રહ્યા છે. જેના આધારે પોલીસે સ્થળ પર વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો.

પોલીસની કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન રૂપિયા 6.23 લાખનો અલગ-અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ, આશરે રૂ.5 લાખની કાર, એક્સેસ મોપેડ અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.11.65 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે વિરાગ ઉર્ફે ભપ્પુ લક્ષ્મણ ચૌહાણ (રહે. છાણી), કૌશિક યોગેશ ઝાલા (રહે. દશરથ) અને તુષાર સંતોષભાઈ શેવાળે (રહે. નવાપુરા)ની ધરપકડ કરી હતી.

પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો અન્ય વ્યક્તિઓ મારફતે મંગાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે દારૂનો જથ્થો મોકલનાર શક્તિ ચૌહાણને વોન્ટેડ જાહેર કર્યો છે અને તેની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર મામલે કપુરાઈ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પીસીબીએ જામ્બુવા બ્રિજ પાસેથી 2.62 લાખના દારૂ ભરેલી કાર પકડી

**બુટલેગરની** ધરપકડ, બે સાગરિતો ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ પર લગામ કસવા માટે પીસીબી દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે દરમિયાન જામ્બુવા બ્રિજ નજીક વોચ ગોઠવી પોલીસે કારમાં ભરેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી એક બુટલેગરની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી રૂ.2.62 લાખનો દારૂ, મોબાઈલ ફોન અને રૂ.5 લાખની કાર સહિત કુલ રૂ.7.67 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ પીસીબીને બાતમી મળી હતી કે દારૂનો જથ્થો ભરી એક કાર પોર તરફથી વડોદરા શહેર તરફ આવી રહી છે. જેના આધારે પીસીબીના એએસઆઈ જીગ્નેશભાઈ મથુરભાઈ અને અ.હે.કો. દિલીપસિંહ ધર્મેન્દ્રસિંહ સહિતની ટીમે નેશનલ હાઈવે-48 પર જામ્બુવા બ્રિજ નજીક સાંકડા પુલ પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાન શંકાસ્પદ કારને રોકી તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી સન્ની ઉર્ફે બાબલો અજીત રાજમલને ઝડપી પાડ્યો હતો, જ્યારે વિજય રાજપુત અને અજય તડવીને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## “સ્થાયી” ખુરશી માટે મહિલા નામની હવા ચાલતા જ પુરુષ દાવેદારોના રાજકીય બ્લડ પ્રેશર વધ્યા

*વડોદરા મહાનગરપાલિકાની આગામી અઢી વર્ષની ટર્મ માટે પદાધિકારીઓની પસંદગી પહેલા જ શહેરનું રાજકારણ “સ્થાયી સમિતિ” કરતાં વધુ “અસ્થિર સમિતિ” જેવું બની ગયું છે. પાટનગરમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં શહેરના મોટા નેતાઓ, ધારાસભ્યો અને રાજકીય ગણિતજ્ઞોએ પોતાના પોતાના “વિશ્વાસુ” કાઉન્સિલરો માટે એટલી પેરવી કરી કે જાણે મનપાની ખુરશી નહીં પણ સીધી દિલ્હી દરબારની ટિકિટ વહેંચાતી હોય!*

*દરેક ધારાસભ્યને અત્યાર સુધી એવો વિશ્વાસ હતો કે, “આ વખતે તો મારો માણસ ફિક્સ છે.” કેટલાક તો પોતાના સમર્થકોની અંદરખાને શુભેચ્છા પણ લઈ ચૂક્યા હતા. પરંતુ રાજકારણમાં સ્ક્રિપ્ટ છેલ્લી ઘડીએ બદલાય તેવું જ અહીં પણ બનતું દેખાઈ રહ્યું છે. કારણ કે હવે ચર્ચા એવી છે કે સંગઠન “સર્વોપરી” હોવાનું સાબિત કરવા કોઈ મહિલા કાઉન્સિલરને મહત્વની સમિતિનું સુકાન સોંપી શકે છે.*

*આ ચર્ચા બહાર આવતા જ ઘણા પુરુષ દાવેદારોના ચહેરા પરનો આત્મવિશ્વાસ એવો ગાયબ થયો કે જાણે ચૂંટણીના દિવસે EVMમાંથી પોતાનું નામ જ ગાયબ થઈ ગયું હોય! કેટલાક નેતાઓ હવે ગણિત કરતાં વધુ જ્યોતિષમાં રસ લેતા જોવા મળી રહ્યા છે. “હાઈકમાન્ડ શું વિચારે છે?” એ પ્રશ્ને સ્થાનિક રાજકારણમાં એવો ગભરાટ ફેલાવ્યો છે કે, ઘણા દાવેદારો હવે પોતાના ‘પક્કા સૂત્રો’ને પણ ફરીથી ફોન કરીને ખાતરી કરી રહ્યા છે.*

*રાજકીય વર્તુળોમાં તો એવી પણ ટિપ્પણીઓ થઈ રહી છે કે, જો મહિલા ચહેરા પર આખરી મહોર લાગી જશે તો ઘણા મોટા આકાઓના રાજકીય કેલ્ક્યુલેટર ‘એરર’ બતાવવા લાગી જશે. અત્યાર સુધી “મારી લોબી મજબૂત” કહેતા નેતાઓ હવે “પાર્ટીનો નિર્ણય સર્વોપરી” જેવા આધ્યાત્મિક વાક્યો બોલતા થઈ ગયા છે.*

*હાલ માટે શહેરના રાજકારણમાં એક જ સવાલ ગરમ છે – “ખુરશી કોને મળશે?”*

*અને તેનો જવાબ આવે ત્યાં સુધી અનેક દાવેદારોની ઊંઘ “સ્થાયી” રીતે હરામ રહેવાની શક્યતા નકારી શકાય નહીં!*

### કોંગ્રેસમાં “હાથ” કરતાં હવે “ખેંચાતી ખુરશીઓ” વધુ ચર્ચામાં! આશિષ જોશી મુદ્દે પક્ષમાં શાંતિ કેમ?

*વડોદરા શહેર કોંગ્રેસમાં હાલ રાજકારણ કરતાં વધુ “મૌન સાધના” ચાલી રહી હોય એવું ચિત્ર દેખાઈ રહ્યું છે. આશિષ જોશી કેસ બાદ પક્ષના નેતાઓ અને હોદ્દેદારોની રહસ્યમય શાંતિએ કાર્યકરોને એટલા વિચલિત કરી દીધા છે કે હવે કોંગ્રેસ ઓફિસમાં રાજકીય ચર્ચા કરતાં “કોણ કોના સંપર્કમાં નથી?” તેવો વિષય વધુ ગરમ બન્યો છે.*

*કાર્યકરોના એક વર્ગમાં તો સીધો જ સવાલ ઉઠી રહ્યો છે કે, “જો આ જ સ્થિતિમાં કોઈ સિનિયર નેતા અથવા શહેરના મોટા ચહેરા ફસાયા હોત, તો શું પક્ષ આટલો શાંત બેસી રહેત?” ઘણા કાર્યકરો હવે કોંગ્રેસની પરંપરાગત “લડત”ની વ્યાખ્યા ફરીથી ગૂગલમાં શોધી રહ્યા હોવાની મજાક પણ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.*

*આશિષ જોશીને લઈને શહેર કોંગ્રેસમાં એવી ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે કે, કેટલાક મોટા નેતાઓએ અંદરખાને એવું રાજકીય ગણિત ગોઠવ્યું કે જેમાં “સહાય” કરતાં “સાઈડલાઈન” વધુ મહત્વનું બની ગયું. કેટલાક કાર્યકરો તો હવે ખુલ્લેઆમ એવું કહેતા જોવા મળે છે કે, “પક્ષે મદદ ન કરી કે મદદ ન થાય એ માટે ખાસ કાળજી રાખી?”*

*કદાચ નેતાઓ હાલ “યોગ્ય સમયની રાહ” જોઈ રહ્યા હોય અથવા પછી “કશું ન બોલવું પણ એક સ્ટ્રેટેજી છે” એ સૂત્ર પર કામ કરી રહ્યા હોય એવું લાગી રહ્યું છે.*

**ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ**

*રાજકીય પંડિતોનું માનવું છે કે કોંગ્રેસમાં હાલ “એકતા” કરતાં “એકબીજાને સમજવાની કોશિશ” વધુ ચાલી રહી છે. બહારથી બધું શાંત દેખાતું હોવા છતાં અંદરખાને અસંતોષની ચા ઘણા કપોમાં ઉકળી રહી હોવાનું કહેવાય છે.*

*હાલ માટે શહેર કોંગ્રેસમાં સૌથી મોટો સવાલ એ નથી કે આશિષ જોશી કેસમાં શું થશે*

*પણ એ છે કે, “પક્ષમાં સાચે કોણ કોની સાથે છે?”*

*અને તેનો જવાબ મળતા મળતા કદાચ કેટલાક કાર્યકરો નિવૃત્તિ લઈ લે એવી શક્યતા પણ નકારી શકાય નહીં!*

### “જનતાનો મિત્ર” હવે “UPI સ્વીકાર્ય” મોડમાં, પીધેલા યુવકોને છોડાવવા રૂ.18 હજારનું “સ્પોટ સેટલમેન્ટ”

*વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સાથે હવે “કેશ ફ્લો મેનેજમેન્ટ” પણ કેટલાક ખાખીધારીઓ ખૂબ જ અસરકારક રીતે સંભાળી રહ્યા હોય એવી ચર્ચાએ જોર પકડ્યું છે. શહેરના ઝોન-3 વિસ્તારમાં આવેલા એક પોલીસ સ્ટેશનમાં પીધેલા હાલતમાં પકડાયેલા બે યુવકોને છોડાવવા માટે રૂ.18 હજારનો તોડ થયો હોવાની ચર્ચાએ લોકોમાં ભારે રસ જગાવ્યો છે.*

*ચર્ચા એવી છે કે, યુવકોને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા બાદ પરિવારજનોને સમજાવવામાં આવ્યું કે “કેસ થશે તો સમાજમાં ઈજ્જત જશે.” હવે સમાજની ઈજ્જત બચાવવી હોય તો કિંમત તો ચૂકવવી જ પડે! પરિણામે કાયદાકીય કાર્યવાહી કરતાં સીધો “કેશલેસ ન્યાય” વધુ ઝડપી સાબિત થયો હોવાની ટિપ્પણીઓ લોકો કરી રહ્યા છે.*

*શહેરમાં તો લોકો મજાકમાં એવું પણ કહેતા જોવા મળ્યા કે, “FIR લખવામાં જેટલો સમય લાગે, એટલામાં સેટિંગ થઈ જાય!”*

*કોઈ કાગળ નહીં કોઈ જામીન નહીં કોઈ કોર્ટ નહીં સીધી “ઓન ધ સ્પોટ સર્વિસ”! જાણે પોલીસ સ્ટેશન નહીં પણ “સમસ્યા નિવારણ કેન્દ્ર” ચાલી રહ્યું હોય એવું વાતાવરણ સર્જાયું છે.*

*સરકાર સારો પગાર, ભથ્થાં અને સુવિધાઓ આપે છે છતાં કેટલાક ખાખીધારીઓ માટે “તોડપાણી” હજુ પણ સાઈડ ઈન્કમ નહીં પરંતુ “મેઈન સ્કિલ” બની ગયું હોય એવી જનચર્ચા ચાલી રહી છે. સામાન્ય નાગરિકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે, કાયદો ખરેખર બધાને સમાન છે કે પછી “રકમ મુજબ રાહત”ની નવી સ્કીમ શરૂ થઈ ગઈ છે?*

*આવા કથિત બનાવો બાદ સમગ્ર પોલીસ વિભાગ પર સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. કારણ કે થોડાક લોકોની “ઝડપી કમાણી” આખા વિભાગની પ્રતિષ્ઠાને ધોવાઈ નાખે છે.*

*હવે જોવાનું એ રહેશે કે, ઉચ્ચ અધિકારીઓ આ મામલે ખરેખર તપાસ કરશે કે પછી ફાઈલ પણ “સેટલ” થઈ જશે!*

**બુલેટ ટ્રેન પ્રોજેક્ટ**

## 350 ટનનું કટરહેડ શાફ્ટમાં ઉતારાયું, દેશની સૌથી મોટી ટીબીએમ એસેમ્બલ

7 કિમીની ભારતની પ્રથમ અંડરસી રેલ ટનલનું નિર્માણ શરૂ,6 કિમી સુધી ખોદકામ કરશે

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. મુંબઈના વિક્રોલીમાં ટનલ બોરિંગ મશીન નું પ્રથમ કટરહેડ સફળતાપૂર્વક શાફ્ટમાં ઉતારવામાં આવ્યું હતું. 13.6 મીટર વ્યાસ અને 350 ટન વજન ધરાવતું આ કટરહેડ ટીબીએમની મુખ્ય શીલ્ડની પ્રાથમિક એસેમ્બલીનું અંતિમ પગલું છે. તેનું વજન લગભગ 250 એસયુવી કાર જેટલું છે. તેમાં 84 કટર ડિસ્ક, 124 સ્ક્રેપર અને 16 બકેટ લિપ લગાવેલા છે. 21 કિમી લાંબી મુંબઈ ટનલના 16 કિમી ભાગ માટે 3,000 ટનથી વધુ વજનના બે ટીબીએમ એસેમ્બલ થઈ રહ્યા છે. આમાં થાણે ક્રીક નીચે બનનાર 7 કિમી લાંબી ટનલ ભારતની પ્રથમ સમુદ્રની નીચેની રેલ ટનલ હશે. આ દેશમાં રેલ ટનલ નિર્માણ માટે ઉપયોગમાં લેવાયેલી સૌથી મોટી મશીનો છે. આ ટીબીએમ વિક્રોલીથી 6 કિમીનો પ્રવાસ કરી ગીચ શહેરી વિસ્તાર અને મીઠી નદીની નીચેથી પસાર થઈને બીકેસી ખાતે નિર્માણાધીન મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચશે. ખોદકામ દરમિયાન સરફેસ સેટલમેન્ટ પોઈન્ટ, ટિલ્ટ મીટર, સ્ટ્રેન ગેજ અને સિસ્મોગ્રાફ જેવા સાધનોથી આસપાસના સ્ટ્રક્ચરની સતત દેખરેખ રાખવામાં આવશે.

**વડોદરાની સ્નેહ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાળી**

## દર્દીઓ દાખલ કર્યા વગર જ કાગળ પર સારવાર બતાવી લાખોનો મેડિક્લેમ પડાવ્યો

3 દર્દીઓના નામે નકલી દસ્તાવેજો અને ખોટા બિલો બનાવી વીમા કંપની સાથે 6.24 લાખની છેતરપિંડી આચરતું કૌભાંડ ઝડપાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

વડોદરાની સ્નેહ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા ત્રણ જેટલા દર્દીઓના નામે ખોટા અને નકલી સારવારના દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. આ દર્દીઓ ખરેખર હોસ્પિટલમાં દાખલ થયા ન હોવા છતાં અથવા તો તેમને સારવાર આપવામાં આવી ન હોવા છતાં, કાગળ પર હોસ્પિટલાઈઝેશન અને મેડિકલ ખર્ચના ખોટા બિલો તૈયાર કરવામાં આવ્યા હતા. આ નકલી દસ્તાવેજો અને મેડિકલ ફાઈલોના આધારે હોસ્પિટલ દ્વારા વીમા કંપનીમાંથી અંદાજે 6,24,000 જેટલી માતબર રકમનો મેડિક્લેમ ગેરકાયદેસર રીતે પડાવી લેવામાં આવ્યો હતો. આ સમગ્ર કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે વીમા કંપની અથવા સંબંધિત સત્તાધીશો દ્વારા આ ક્લેમની ફાઈલોની આંતરિક તપાસ કરવામાં આવી હતી. દસ્તાવેજોની ચકાસણી દરમિયાન દર્દીઓની સારવાર અને હોસ્પિટલના રેકોર્ડમાં મોટા પાયે વિસંગતતાઓ જોવા મળી હતી, જેનાથી આ આખું કૌભાંડ બહાર આવ્યું હતું. ત્રણ નિર્દોષ દર્દીઓના નામે આચરવામાં આવેલા આ આર્થિક ફ્રોડને પગલે હવે હોસ્પિટલના સંચાલકો અને સંડોવાયેલા સ્ટાફ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. વડોદરામાં તબીબી સારવારના નામે ચાલતી આવી ગેરરીતિઓને કારણે વીમા કંપનીઓ તેમજ સામાન્ય નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**વડોદરા ભાજપ કાર્યકરના પત્નીના પ્રેમાલાપનો પુત્રે ભાંડો ફોડયો**

## માતા અને પ્રેમીના મોબાઈલમાં બનાવ્યા વીડિયો, પોલ ખુલતા સગીર પુત્ર પર અત્યાચાર ગુજાર્યાનો આક્ષેપ

**માર** માર્યા બાદ ધમકી આપી સગીરને રૂમમાં ગોંધી રાખ્યાનો આરોપ, આખરે સગીર પુત્રે પોલીસ ફરિયાદ નોંધાવી

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

વડોદરા શહેરના હરણી રોડ વિસ્તારમાં સંબંધોને શર્મસાર કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભાજપ સાથે સંકળાયેલા એક કાર્યકરની ગેરહાજરી દરમિયાન તેમની પત્ની અને કથિત પ્રેમી વચ્ચેના સંબંધોની જાણ થતાં 14 વર્ષના પુત્રે મોબાઈલમાં ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ કર્યા હતા. આ વાત સામે આવતા માતા અને તેના કથિત પ્રેમીએ સગીર પુત્રને માર મારી ધમકીઓ આપી હોવાનો આક્ષેપ છે. આખરે કંટાળેલો સગીર હરણી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. જ્યાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હરણી વિસ્તારની એક સોસાયટીમાં ભાજપ સાથે જોડાયેલા એક કાર્યકર પરિવાર સાથે રહે છે. છેલ્લા કેટલાક સમયથી તેઓ ભરૂચમાં રહેતા હોવાને કારણે ઘરમાં તેમની પત્ની અને નજીકમાં રહેતા એક પુરુષ વચ્ચે ઈલુ ઈલુ શરૂ થયું હતું. આ સમગ્ર મામલાની ભણક ઘરમાં રહેતા સગીર પુત્રને થતાં તેણે માતા અને કથિત પ્રેમીની હિલચાલ તથા વાતચીતના ઓડિયો અને વીડિયો પોતાના મોબાઈલમાં રેકોર્ડ કર્યા હતા. સગીર પુત્ર દ્વારા બનાવાયેલા રેકોર્ડિંગની જાણ થતાં જ માતા અને તેના પ્રેમી ગભરાઈ ગયા હતા. પુત્રનો આક્ષેપ છે કે પુરાવા ડિલીટ કરાવવા અને સમગ્ર મામલો બહાર ન જાય તે માટે તેને સતત ધમકાવવામાં આવ્યો હતો સગીરને એક રૂમમાં પૂરી રાખીને માર મારવામાં આવ્યો હતો તેમજ જો કોઈને વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. માતા અને તેના પ્રેમીના ત્રાસથી કંટાળીને આખરે સગીર હિંમત કરીને હરણી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરી હતી. બાળકની રજૂઆતને ગંભીરતાથી લઈને પોલીસે સગીરની માતા અને કથિત પ્રેમી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પ્રેમ લગ્ન કરવા મહિલા શાસન પર છોડવા પડ્યું**

## પ્રેમ લગ્ન કરનાર મહિલાને દહેજના ત્રાસથી કંટાળી સાસરીયુ પણ છોડવુ પડ્યુ

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

પ્રાપ્ત માહિતી અનુસાર, મહિલાએ પરિવારના વિરોધ વચ્ચે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નને બે વર્ષ પૂર્ણ થયા છે અને તેનો પતિ બ્લિંકિટમાં ડિલિવરી બોય તરીકે કામ કરે છે. મહિલાના જણાવ્યા મુજબ સાસુ દહેજ બાબતે વારંવાર ઝઘડા કરતી અને નાની નાની બાબતોમાં હેરાનગતિ કરતી હતી. મહિલાએ પતિને અલગ રહેવા માટે જણાવ્યું હતું, પરંતુ આર્થિક પરિસ્થિતિને કારણે પતિએ અલગ રહેવાની અસમર્થતા દર્શાવી હતી.

લવ મેરેજ કરવાના કારણે મહિલાના પિયર પક્ષ સાથે પણ સંબંધ નબળા બન્યા હતા અને કોઈ સહારો ન મળતા મહિલા માનસિક રીતે તૂટી પડી હતી. આખરે મંદિર જવાનું કહી મહિલા પોતાના એક વર્ષના બાળક સાથે ઘરેથી નીકળી ગઈ હતી. મહિલાએ વડોદરામાં નાના ના ઘરે જવાનું વિચાર્યું હતું, પરંતુ ત્યાં જવાની હિંમત ન થતા રસ્તાઓ પર ભટકતી રહી હતી. આ દરમિયાન એક રિક્ષાચાલકે મહિલાની પરિસ્થિતિ જાણી નજીકમાં રહેવાની કોઈ વ્યવસ્થા વિશે પૂછતાં 181 અભયમ ટીમનો સંપર્ક કર્યો હતો. મહિલાની પાસે મોબાઈલ ફોન પણ ન હોવાથી પરિવાર સાથે કોઈ સંપર્ક થઈ શક્યો નહોતો. અભયમ ટીમે મહિલાને સમજાવી હાલની પરિસ્થિતિમાં પરિવારને જાણ કરવી જરૂરી હોવાનું જણાવ્યું હતું. શરૂઆતમાં મહિલાએ પરિવારનો સંપર્ક કરવા ના પાડી હતી, પરંતુ લાંબી સમજાવટ બાદ મહિલાએ પતિનો સંપર્ક નંબર આપ્યો હતો. અભયમ ટીમે પતિ સાથે વાતચીત કરી સમગ્ર મામલે સમજાવ્યું હતું. ત્યારબાદ પતિ પત્ની અને બાળકને લેવા માટે નીકળી ગયો હતો. પતિ પહોંચે ત્યાં સુધી મહિલા અને બાળકને સુરક્ષિત આશ્રય ગૃહમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**કાળઝાળ ગરમીમાં રાહતની સેવા**

## વડોદરા રેલ્વે સ્ટેશને મુસાફરોને નિઃશુલ્ક છાશનું વિતરણ

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે મુસાફરોને રાહત આપવા માટે વડોદરા જંક્શન રેલ્વે સ્ટેશન ખાતે નિઃશુલ્ક છાશ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય રેલવે ટીકીટ ચેકીંગ સ્ટાફ ઓર્ગેનાઈઝેશન વડોદરા ડિવિઝન તથા યુનિટી યુથ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્લેટફોર્મ નંબર-2 પર આ સેવા કાર્ય હાથ ધરાયું હતું. ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓ અને પ્લેટફોર્મ પર હાજર લોકોને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આયોજકોએ જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવાભાવના સાથે આ કાર્યક્રમ યોજાયો. મોટી સંખ્યામાં મુસાફરોને ગરમીમાં ઠંડક અને રાહત મળે તે હેતુથી છાશ આપવામાં આવી હતી. આ પ્રસંગે રેલવે ટીકીટ ચેકીંગ સ્ટાફ ઓર્ગેનાઈઝેશનના સેક્રેટરી આર.એલ. વર્મા તેમજ યુનિટી યુથ ફાઉન્ડેશનના પ્રમુખ સાજિદ પઠાણ સહિતના કાર્યકરો અને રેલવે સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. તેરા તુઝકો અર્પણની ભાવના સાથે યોજાયેલા આ સેવાયજ્ઞને મુસાફરો દ્વારા પણ ભારે પ્રશંસા મળી હતી.

**1,400 પરિવારોએ મોટી બચત કરી**

## પેરેન્ટ એસોસિએશનનો 12મો બુક એક્સચેન્જ ફેર યોજાયો

કાળઝાળ ગરમીમાં પણ વાલીઓ બાળકોનો ઉત્સાહ યથાવત

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

વડોદરા પેરેન્ટ એસોસિએશન દ્વારા વાકળ સેવા કેન્દ્ર ખાતે બુક એક્સચેન્જ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત સાત વર્ષથી ચાલી રહેલી આ શ્રેણીની આ 12મી આવૃત્તિ હતી. આ મેળો ખાસ કરીને જીએસઈબીના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવ્યો હતો. અંદાજે 1,400 પરિવારોએ આ મેળામાં ભાગ લીધો હતો.

વાલીઓએ જૂના પુસ્તકો આપીને નવા મેળવ્યા, જેનાથી કરોડો રૂપિયાની બચત થઈ અને કાગળનો બગાડ અટકાવી પર્યાવરણની જાળવણીમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ પહેલમાં વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તેમના બાળકોએ જૂના પુસ્તકો આપીને બદલામાં અન્ય બાળકો દ્વારા મૂકવામાં આવેલા પુસ્તકો મેળવ્યા. આ પરસ્પર આદાનપ્રદાનથી પુસ્તકોનો પુનઃઉપયોગ થયો અને બાળકોમાં વહેંચણીની ભાવના વિકસી. આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીઓએ જણાવ્યું કે, આવા આયોજનોથી બાળકોમાં વાંચનની ટેવ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે છે. સંસ્થાએ ભવિષ્યમાં પણ આવા ઉપયોગી કાર્યક્રમો ચાલુ રાખવાની ખાતરી આપી હતી.

**બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા “વડોદરા મૂવમેન્ટ” પહેલ**

## ઈસ્કોન મંદિર સાથે સહયોગમાં કૃષ્ણ ભજન જૅમિંગ કાર્યક્રમનું આયોજન થયું

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા “વડોદરા મૂવમેન્ટ” પહેલ હેઠળ ઈસ્કોન મંદિર વડોદરા સાથે સહયોગમાં કૃષ્ણ ભજન જૅમિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શહેરમાં દિવ્ય વૃંદાવન જેવી આધ્યાત્મિક ભાવનાનો માહોલ સર્જાયો હતો અને ભક્તો, યુવાનો તથા પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કૃષ્ણ ભજનો, ફૂલ હોળી, સમૂહ દીયા આરતી અને ભક્તિમય નૃત્ય પ્રસ્તુતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. 200થી વધુ લોકોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમનો સમાપન ઈસ્કોન મંદિર વડોદરા દ્વારા મહાપ્રસાદ વિતરણ સાથે કરવામાં આવ્યો હતો. બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશનની સ્થાપક અને ડિરેક્ટર શ્રીમતી કિંનરી હરિયાણીએ જણાવ્યું હતું કે, “આવા ઉપક્રમો સમાજ અને યુવાનોને ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને સકારાત્મક મૂલ્યો સાથે જોડવામાં મદદરૂપ બને છે તેમજ સમાજમાં એકતા અને સૌહાર્દને પ્રોત્સાહિત કરે છે.” વડોદરાના નાગરિકો તરફથી કાર્યક્રમને ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળ્યો હતો અને ભક્તિ તથા સાંસ્કૃતિક એકતાનો સંદેશ સફળતાપૂર્વક પ્રસરી શક્યો હતો.

**નેવીના સફેદ યુનિફોર્મથી ‘હેપ્પી અંકલ’ સુધી**

## પ્રવીણ તુલપુલેએ વડોદરામાં ખુશીની અનોખી સફર કરાવી

( પ્રતિનિધિ )વડોદરા,તા.17

વડોદરામાં શનિવાર અને રવિવાર દરમિયાન ખુશી, હાસ્ય અને માનવતાની અનોખી મહેક ફેલાઈ હતી. ભારતીય નૌસેનાના નિવૃત્ત લેફ્ટનન્ટ કમાન્ડર પ્રવીણ તુલપુલે, જેઓ આજે ‘હેપ્પી અંકલ’ તરીકે જાણીતા છે, તેમણે શહેરના વિવિધ મંચો પર પોતાના મેડિકલ ક્લાઉનિંગ અને જાદુઈ પ્રસ્તુતિઓથી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પ્રવીણ તુલપુલેનો જીવનપ્રવાસ એક પ્રેરણાદાયક કથા સમાન છે. નેવીમાં સેવા આપતા સમયે તેઓ બાળકો માટે ‘ડ્યુટી અંકલ’ તરીકે જાણીતા હતા, પરંતુ કેન્સરગ્રસ્ત બાળકો સામે કરેલા એક કાર્યક્રમ બાદ તેમના જીવનમાં મોટો વળાંક આવ્યો. એક બાળકની અંતિમ ઈચ્છા તરીકે વિદૂષકને મળવાની વાતે તેમને એટલા અસરગ્રસ્ત કર્યા કે તેમણે સમય પહેલાં નેવીની નોકરી છોડી હોસ્પિટલોમાં મેડિકલ ક્લાઉનિંગ દ્વારા બીમાર બાળકોના જીવનમાં ખુશી ફેલાવવાનો સંકલ્પ લીધો. વડોદરામાં તેમની આ વિશેષ સફરની શરૂઆત ‘પાઠશાળા’ અને ‘માઈન્ડ જીમ’ જેવી સંસ્થાઓથી થઈ હતી, જ્યાં તેમણે બાળકોમાં આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારસરણી જગાવી હતી. ત્યારબાદ ‘ત્રિવેણી થિયેટર ગ્રુપ’ અને ‘યોગનિકેતન’ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમોમાં તેમણે હાસ્ય, જાદુ અને ભાવનાત્મક સંવાદો દ્વારા પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.